જન્મદિને વધામણી

ભાનુબેન ભટ્ટ
ખજાનચી, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ

હાર્દિક પરીખ
તંત્રી, પાટનગર સર્કલ
મો. ૯૮૨૪૫ ૧૦૮૦૭

ડો. કિંજલ બી ચૌહાણ
મો. ૯૯૭૮૪ ૦૬૫૧૩

બિજલ હાર્દિક ભટ્ટ
મો. ૯૫૩૭૪ ૮૦૪૪૪

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
મેનેજિંગ ટ્રસ્ટી, શ્રી મનોરમા ટ્રસ્ટ, મો. ૯૯૦૯૯ ૭૮૭૯૧

અશોકકુમાર વિ ત્રિવેદી
ખજાનચી, કલા ગુર્જરી
મો. ૯૯૦૯૯ ૭૮૭૯૧

મહેશકુમાર ડી ઠાકોર

વિદ્યાર્થીઓએ વાર્ષિક રમતોત્સવ વન્યજીવ સુરક્ષા થીમ ઉપર ઉજવ્યો

જમનાબાઈ નરસી સ્કૂલ, ગીફટ સિટી દ્વારા પ્રથમ વાર્ષિક રમતોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

જમનાબાઈ નરસી સ્કૂલ, ગીફટ સીટી, ગાંધીનગર દ્વારા આજે 'વન્યજીવ સુરક્ષા' ના સર્જનાત્મક થીમ ઉપર પ્રથમ વાર્ષિક રમતોત્સવ ઉજવવામાં આવ્યો હતો. નવા વિચારો અને પહેલ દ્વારા નવતર પ્રકારનાં ઓન-ગ્રાઉન્ડ લર્નીંગ ટુલ્સમાં માનતી જમનાબાઈ નરસી સ્કૂલમાં 'વન્યજીવ સુરક્ષા' વિષય ઉપર સ્પેશ્યલ સ્પોર્ટસ ડે ડીઝાઈન કરવામાં આવ્યો હતો. જેનો ઉદ્દેશ પ્રિ-પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓને વિવિધ પ્રાણીઓ અને તેમની સાથે સંકળાયેલી વાર્તાઓ શિખવવાનો પણ હતો.

નાનાં બાળકોના વેલકમ ડાન્સ દ્વારા સ્પોર્ટસ ડેનો પ્રારંભ થયો. એમાં દ્રાક્ષ અને શિયાળ, તરસ્યો કાગડો, એક સિંહ અને ચાર બળદ, રૂસ્ટર એન્ડ ધ જ્વેલ, નાની લાલ મરઘી, શિયાળ અને ઘેટાનાં કપડાં, સિંહ અને ઉંદર, રીંછ અને મધમાખી તથા ભૂખી ઈયળ જેવા વિષયો ઉપર સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓ બાળકોને તો ગમી જ ગઈ પણ તેમનાં માતા-પિતાને પણ ખૂબ જ ગમી. વર્ષો જૂની સ્પર્ધાઓને અહી નવાં નામ આપવામાં આવ્યાં હતાં અને બાળકો વિષય મુજબ દરેક રમતમાં રંગીન વેષભૂષામાં હાજર રહયા હતા. વિદ્યાર્થીઓની તાલબધ્ધ પરેડ સાથે સ્પર્ધાનું સમાપન થયું.

રમતોત્સવના મહત્વ અને તેની સાથે સંકળાયેલાં મૂલ્યો અંગે વાત કરતાં નરસી મોનજી એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી સુજય જયરાજ જણાવે છે કે '' રમતોએ શૈક્ષણિક અભ્યાસક્રમનો આંતરિક હિસ્સો છે. તેનાથી શારિરીક ક્ષમતા તો વધે જ છે પણ સાથે સાથે નેતૃત્વ, ટીમ નિર્માણ અને એકબીજા સાથે વહેંચવા જેવાં ગુણો વિકસે છે. તેનાથી બાળકોને વધુ શિસ્તબધ્ધ થવાનું પ્રોત્સાહન અને નિશ્ચયબળ મળે છે. આ રીતે રમતો દ્વારા નાની ઉંમરે મહત્વના કૌશલ્યનો પાયો નંખાય છે. જમનાબાઈ નરસી સ્કૂલમાં અમે હંમેશાં રમતોને શિખવાની પ્રક્રિયાના મહત્વના હિસ્સા તરીકે પ્રોત્સાહન આપતા રહ્યા છીએ.''

શ્રી જયરાજની વાત સાથે સંમત થતાં જમનાબાઈ નરસી સ્કૂલ ગીફટ સીટીનાં પ્રિન્સીપાલ કવિતા બજાજે જણાવ્યું કે '' વર્તમાન સમય અને યુગમાં વિદ્યાર્થીઓને નાની ઉંમરે આઉટડોર પ્રવૃત્તિઓ અને રમતો સાથે જોડવાં જોઈએ કે જેથી નાની ઉંમરે ઈલેક્ટ્રોનિક ગુડઝના અતિશય વપરાશથી બચી શકાય. અમે રમતોમાં મોજ મસ્તી ઉમેરવાનો પ્રયાસ કર્યો છે. 'વન્યજીવ સુરક્ષા'ના થીમની પણ વાતા કરાઈ જેથી બાળકો રમતોમાં સ્પર્ધા કરવાની સાથે સાથે વન્ય જીવન અને તેમની કથાઓથી પણ પરિચિત થાય.''

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે આજરોજ ગાંધીનગર જિલ્લા અનુસૂચિતજાતિ પ્રાથમિક શિક્ષક-શિક્ષિકાઓની આજે એક શિબિર સંત રોહિદાસ મંદિરના હોલમાં યોજાઈ હતી. ગુણવત્તાસભર શિક્ષણ તેમજ શિક્ષણક્ષેત્રે આવી રહેલા પગલાઓને લઈ ચિંતન કરાયું હતું. શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર ઈન્ચાર્જ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજયભાઈ પરમાર સહિત વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ મેળવનાર સમાજના અગ્રણીઓનું સન્માન કરાયું હતું.

ચૈતન્ય સ્કૂલ ખાતે ચૈતન્યોત્સવ

ગાંધીનગર, તા. ૨૧

શ્રી વિદ્યા નિકેતન ટ્રસ્ટ સંચાલિત ગાંધીનગરની ચૈતન્ય સ્કૂલ ખાતે બારોટ એમ્ફિ થિયેટર ખાતે 'ચૈતન્યોત્સવ' ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. શાળાનાં ડિરેક્ટર ઈલિઝાબેથ કોશીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે કાર્યક્રમના વિષયવસ્તુને શાળાના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ મિત્રોએ બારીકીપૂર્વક આયોજન કરીને સાર્થક કરી બતાવ્યું હતું.

'સ્વચ્છતા એ દેવ સમાન છે' એ થીમને વિદ્યાર્થીઓ તથા શિક્ષકો દ્વારા સમુદ્ર મંથન, ગંગા પુરાણથી માંડીને આધુનિક સુધીની વિવિધ કૃતિઓના માધ્યમથી સાર્થક કરવામાં આવી હતી.

બે દિવસીય આ ચૈતન્યોત્સવ દરમ્યાન શાળાના પ્રાંગણમાં પરંપરા અને સંસ્કૃતિની સાથે સ્વચ્છતાનો અદ્‌ભૂત સમન્વય જોવા મળ્યો હતો. મુખ્ય અતિથિ તરીકે પ્રેમધારા શિશુ વિહારના નિયામક આશા પાંડયન અને ખ્યાત ઉદ્યોગપતિ તથા શિક્ષણવિદ પવન બકેરી ઉપસ્થિત રહ્યા હતા, જેમણે 'આવા પ્રયત્નો બ બાળકના માનસિક ઘડતરને આકાર આપે છે' એમ જણાવ્યું હતું. શાળાનાં ટ્રસ્ટી નાલિની સુબ્બારાવ, ખજાનચી રવિ ગોપાલન, ઍડવાઈઝર સી કે કોશી, વીવીઆર સુબ્બારાવ, મીતા ઘોષ તથા મોટી સંખ્યામાં વાલીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ શાળાનું પ્રાંગણ તથા આસપાસના વાતાવરણને સ્વચ્છ રાખવા માટે પ્રતિજ્ઞા લીધી હતી.

ગર્લ્સ હૉસ્ટેલની વિદ્યાર્થીનીઓની હૉટલ મૅનેજમૅન્ટ સંસ્થાની મુલાકાત

ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ સંસ્થાઓની વિદ્યાર્થીનીઓ જે હૉસ્ટેલમાં રહીને અભ્યાસ કરે છે તેમણે તાજેતરમાં ઈન્સ્ટીટ્યુટ ઑફ હૉટલ મૅનેજમૅન્ટની મુલાકાત લીધી હતી.

મૅનેજમૅન્ટ ઈન્સ્ટીટ્યુટના ફૅકલ્ટી મૅમ્બર લલિતભાઈએ ઈન્સ્ટીટ્યુટ વિશેની વિષદ સમજૂતી આપી સંસ્થાના વિવિધ ભાગોનું અવલોકન કરાવ્યું હતું, 'હૉસ્પિટાલિટી ઍજ્યુકેશન' અને 'ન્યુટ્રીશન વેલ્યૂ' વિષેની સમજૂતી આપી હતી તેમજ વિવિધ વાનગીઓની રેસિપી અને ગાર્નીશિંગનું ડૅમોન્સ્ટ્રેશન બતાવ્યું હતું. બીબીએ કૉલેજના ડિરેક્ટર રમાકાન્ત પુષ્ટીના સહકારથી 'સ્કીલ ડેવલપમેન્ટ ટ્રેનીંગ પ્રોગ્રામ' માટે ગર્લ્સ હૉસ્ટેલની ૩૫ વિદ્યાર્થીનીઓની પસંદગી હૉટેલ મૅનેજમૅન્ટ ઈન્સ્ટીટ્યુટ દ્વારા કરવામાં આવી છે.

માઉન્ટ કાર્મેલ સ્કૂલની નાતાલ પર્વ નિમિત્તે આંનદની વહેચણી

ગાંધીનગર, તા. ૨૧

સેકટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં નાતાલપર્વ નિમિત્તે તા. ૧૬ ડિસેમ્બર થી 'જોય ઓફ ગિવિંગ' સપ્તાહ ઉજવાઈ રહ્યું છે. જેમાં જરૂરતમંદો માટે વિવિધ ચીજવસ્તુઓ એકત્રિત કરી વહેચવામાં આવે છે.

જેના ભાગરૂપે આજરોજ સવારે ૫૦ વિદ્યાર્થીઓએ સેકટર-૩૦ની શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય તથા સેકટર-૨૩ ની એમ. બી. પટેલ હાઈસ્કૂલ માં નાતાલની ઉજવણી કરી. જેમાં 'ઓ પ્યારી રાત, જોય ઓફ ધ વર્લ્ડ' તથા નાતાલ શા માટે ઉજવાય છે તેની ડાન્સ ડ્રામા દ્વારા રજૂઆત કરી.

સાથે-સાથે નાતાલ એ શાંતિ અને અમનનો ઉત્સવ છે, તારાઓ એ અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે, તેનો સંદેશ શિક્ષિકા મંજુ બલરાજે આપ્યો. ઈસુ ભગવાનનો જન્મ અંધકારને દૂર કરવા થયો તે વાતની સમજ તથા શાંતાક્લોઝ એ સેંટ નિકોલસ હતા જે દરરોજ રાત્રે નગરચર્યા કરતા અને જરૂરતમંદોને મદદ કરતા તેની સમજ આપી. સમગ્ર કાર્યક્રમ પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો.

વડનગર ખાતે જવાહર નવોદય વિદ્યાલયના વિદ્યાર્થી શિબિરનું સમાપન

ગાંધીનગર, તા. ૨૧

મહેસાણા જિલ્લાના એકમાત્ર નવોદય વિદ્યાલય ખાતે 'મેરે સપનોં કા ભારત' વિષય પર આયોજિત ત્રણ અઠવાડિયાની શિબિરનું ઉદ્‌ઘાટન તથા સમાપન બેઉ કાર્યક્રમો જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈની નિશ્રામાં સંપન્ન થયા હતા.

પૌરાણિક હાટકેશ્વર મહાદેવની નગરી વડનગર વિશે ડૉ. કેશુભાઈ દેસાઈએ અત્યંત રોચક વ્યાખ્યાનો આપી આ નગરમાં સ્થપાયેલ અંગ્રેજી માધ્યમની નવોદય સ્કૂલના વિદ્યાર્થીઓને એમની અમાપ શક્તિઓનો સમુચિત સદુપયોગ કરી રાષ્ટ્રનિર્માણના પવિત્ર કાર્યમાં જોડાઈ જવા હાકલ કરી હતી. વડનગરનો ઈતિહાસ જેટલો ભવ્ય છે એટલો જ એનો વર્તમાન પણ ઉજળો છે. અહીં ક્યારેક તાના-રીરી જેવી સંગીતજ્ઞ કન્યાઓ રહેતી હતી અને આજે આ જ નગરની સામાન્ય શાળામાં ઍસેસસી સુધી ભણેક એક અદના પરિવારમાંથી આવતો વિદ્યાર્થી દેશની ધૂરા સંભાળી રહ્યો છે. ડૉ. કેશુભાઈ દેસાઈએ સર્વોદય અગ્રણી સ્વ. દ્વારકાદાસ જોષી અને પ્રખર વિચારક તથા આ પંથકના લોકદેવતા ગણાતા ડૉ. વસંત પરીખને પણ ભવ્ય અંજલી આપતાં ઉમેર્યું હતું કે વડનગર પંથકના પાણીમાં જ કશુંક જાદુઈ તત્ત્વ છે, જે આપણને એક જ સમયગાળામાં આવી ત્રણ-ત્રણ પ્રતિભાઓ ભેટ ધરી શક્યું છે.

હરે કૃષ્ણ મંદિર ભાડજ ખાતે ગીતા જયંતિ મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

હરેકૃષ્ણ મંદિર,ભાડજ દ્વારા આજે ગીતા જયંતિ મહોત્સવની ખૂબ જ ભવ્યતા સાથે ઉજવણી કરવામાં આવી જેમાં ભગવદ-ગીતાના ૧૮ અધ્યાયના ૭૦૦ શ્લોકનું પઠન કરવામાં આવ્યું હતું તેમજ હરેકૃષ્ણ મંદિરના પ્રેસિડન્ટ જગનમોહન કિષ્ના દાસા એ ભગવદ-ગીતાનું મહત્વ સમજાવતા પરિસંવાદ કર્યો હતો. ગીતા જયંતિ ઉત્સવના ઉપક્રમે ''ગીતામંડપ''નું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ મંડપમાં કૃષ્ણકૃપામૂર્તિ શ્રીલ પ્રભુપાદ દ્વારા ''ભગવદગીતા-યથાસ્વરૂપે''માં વિશેષ રીતે કરેલ નોંધની આવૃતિ તેમજ તેની વિશ્વની આશરે ૮૩ જેટલી જુદી-જુદી ભાષાઓમાં રૂપાંતરીત થેયલ કૃતિઓ મુકવામાં આવી હતી. ઉત્સવ દરમ્યાન ભક્તિ સંગીત કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો અને અંતમાં મહામંગલા આરતી કરવામાં આવી હતી.

ગીતા જયંતિ ના મહાન પર્વના દિવસે વિશ્વના સમસ્ત વૈષ્ણવો દ્વારા ભગવદ-ગીતામાં આલેખાયલ ભગવાન શ્રીકૃષ્ણના અર્જૂન સાથે થયેલ સંવાદની ઉજવણી કરવામાં આવે છે. વર્ષો પહેલાં કુરુક્ષેત્રની યુધ્ધભૂમિ પર વિરોધી સેનાઓની મધ્યમાં ઉચ્ચારાયેલ ભગવદ્-ગીતાના પ્રસંગની યાદગીરીરૂપે ગીતા જયંતિ મહોત્સવની ઉજવણી આ દિવસે દરેક મંદિરોમાં, ગ્રામ વિસ્તારમાં અને ઘરોમાં કરવામાં આવે છે.

ભગવદ-ગીતાનો સંદેશ તેના તત્કાલીન ઐતિહાસિક સંદર્ભની મર્યાદાને પાર અને કાલાતીત સત્યો પ્રગટ કરે છે. પ્રશ્ન અને તેના ઉત્તરની ગોઠવણ આધ્યાત્મિક વિષયનું જ્ઞાન આપે છે જેમકે ક્રિયા અને પ્રતિક્રિયા, તેમજ જીવ અને પ્રકૃતિ વચ્ચેનો તફાવત સમજાવે છે. આ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જૂન સાથે પરમેશ્વર તથા કાલચક્રના સિધ્ધાંત વિષે ચર્ચા કરે છે. અધ્યાય ૪ની શરૂઆતમાં ભગવદ-ગીતા તેના ઐતિહાસિક અસ્તિત્વ વિષે સમજ આપે છે જેના અસ્તિત્વનો વિચાર કરતા તે પડકારરૂપ જણાય છે. સમગ્ર વિશ્વમાં શ્રીકૃષ્ણભક્તિ નો પ્રસરાવ કરવાની ચળવળના પ્રણેતા કૃષ્ણકૃપામૂર્તિ એ.સી.ભક્તિવેદાન્તા સ્વામી શ્રીલા પ્રભુપાદ તેમના સાહિત્યમાં જણાવે છે કે ભગવદ-ગીતાનું ઉચારણ આશરે ૧૨૦,૪૦૦,૦૦૦ વર્ષો પહેલા થયેલ હતું અને માનવ સમાજમાં ૨,૦૦૦,૦૦૦ વર્ષો સુધી વિદ્યમાન હતું. આ ભગવદ-ગીતાનું આશરે ૫૦૦૦ વર્ષો પહેલા ફરીથી ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા શરણાગત રૂપે ઉપસ્થિત અર્જૂન સમક્ષ ઉચ્ચારણ થયું હતુ. સ્વયં ગીતાનો અને તેનું ઉચ્ચારણ કરનાર ભગવાન શ્રી કૃષ્ણ પ્રમાણે ભગવદ-ગીતાનો આ એક વર્ણવેલ ઈતિહાસ છે.

હાલમાં પણ ૨૧મી સદીમાં જે કોઈ ભક્તો નિયમિત રીતે ગીતા જ્ઞાનનું તેમની બુદ્ધિમત્તા દ્વારા રસપાન કરે છે તેઓ જીવનમાં તેના ઉપયાગની મહત્વતાને સમજે છે. આથી ઘણા લોકો માટે ગીતા જયંતિ મહોત્સવ એ ખાલી ભૂતકાળના પ્રસંગની યાદગીરરૂપે નહીં પણ વર્તમાન સમયમાં ગીતાના અનુરૂપતા પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવાના એક અવસર તરીકે ગણવામાં આવે છે.

જેમીનીડસ ઉલ્કાવર્ષાના નઝારાથી નાગરિકો રોમાંચિત

દુનિયાભરના ખગોળ પ્રેમીઓએ અવકાશમાં જેમીનીડસ ઉલ્કાવર્ષાનો અદ્‌ભૂત નઝારો તાજેતરમાં નિહાળ્યો હતો. અવકાશમાં ફટાકડા જેવી આતશબાજી નિહાળી લોકો રોમાંચિત થઈ ઊઠ્યા હતા. પ્રારંભમાં કલાકની ૮થી ૧૫ ઉલ્કા પછી તા. ૧૨થી ૧૪ ડિસેમ્બર દરમ્યાન તો કલાકની ૧૫થી ૧૦૦ ઉલ્કા સ્પષ્ટ જોઈ શકાઈ હતી.

તા. ૭થી ૧૫ ડિસેમ્બર દરમ્યાન વહેલી પરોઢ સુધીમાં ક્રમિક ઉલ્કાવર્ષા થઈ હતી. શરૂઆતમાં આંકડો નહિવત હતો પરંતુ એ પછી વધી ગયો હતો. ભારત જન વિજ્ઞાન જાથા દ્વારા રાજ્યનાં મુખ્ય શહેરોમાં આ ઉલ્કાવર્ષા જોવા માટેની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી, જે દરમ્યાન બ્રહ્માંડની ઉત્પત્તિ, સૂર્ય અને તેની પરિક્રમા કરતાં ગ્રહો, ધૂમકેતુ, ઉલ્કા વિશેની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી.

જાથાના રાજ્ય ચેરમેન જયંત પંડ્યાએ જણાવ્યું હતું કે સામાન્ય રીતે છૂટીછવાઈ ઉલ્કા પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશ કરતી હોય છે, પરંતુ ઘણીવાર એકસામટી હજારો કે લાખો ઉલ્કાનો રીતસરનો વરસાદ પડતો જોવા મળે છે. ખગોળવિદોએ કરેલી એક ગણતરી મુજબ છેલ્લાં ૬૦ કરોડ વર્ષમાં પૃથ્વી પર આશરે બે હજાર પ્રચંડ ઉલ્કાપાતો થયા છે. ઘણીખરી ઉલ્કાઓ સમુદ્રમાં પડી છે, એટલે પૃથ્વી પર તેની પછડાટનાં ચિહ્નો ક્યાંય જોવા મળ્યાં નથી. અમેરિકાના એરિઝોના રાજ્યના રેગિસ્તાનમાં લગભગ બાવીસ હજાર વર્ષ પહેલાં ભયંકર ઉલ્કાપાત થયો હતો. આશરે ૧૦૦ ફીટ વ્યાસ ધરાવતી ૧ લાખ ટન વજનની ઉલ્કા એરિઝોનાના આકાશમાં કલાકના ૪૦ હજાર કિમી વેગે દાખલ થઈ હતી અને છેવટે પ્રચંડ પ્રહાર સાથે જમીન ઉપર પટકાતાં જમીનમાં ૪ ફીટ વ્યાસનો આશરે ૬૦૦ ફીટ ઊંડો ખાડો પડી ગયો હતો. બધું મળીને ૪૦ કરોડ ટન ખડકો, માટી અને પથરા આકાશમાં ફેંકાયા અને ખાડાના ધારે જમીન ૧૫૦ ફીટ ઉંચકાઈ આવી હતી.

રોજની સરેરાશ ૧૦ કરોડ ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે, જેમની રાખ દર વર્ષે પૃથ્વીનું વજન ૪૦ લાખ ટન જેટલું વધારી દે છે. છેલ્લાં પાંચ હજાર વર્ષ દરમ્યાન ધરતી પર જે ઉલ્કાઓ રાખ વેરાઈ તેનો ૧ ઇંચ જાડો થર બન્યો છે.

ઉલ્કા એ કોઈ ધૂમકેતુએ છોડી દીધેલો ભંગાર છે. તેમાં નાના પથ્થર, પથ્થરનો ભૂકો, રજકણો જેવા પદાર્થો હોય છે. ઘણી વખત તેમાં ધાતુના ટૂકડા પણ હોય છે. ગ્રહોની રચના વખતનો ઘણો પદાર્થ અંતરિક્ષમાં વેરાયેલો પડ્યો છે, જે અવકાશમાં ફરતો રહેતો હોય છે. આ ભંગાર પાસેથી જ્યારે પૃથ્વી પસાર થાય છે ત્યારે આવા રજકણો કે ટૂકડા જેવા પદાર્થો પૃથ્વીના ગુરૂત્વાકર્ષણને કારણે પૃથ્વી પર ખેંચાઈ આવે છે ને જેમ જેમ પૃથ્વીની નજીક આવે તેમ તેમ તેમની ગતિ વધતી જાય છે. પૃથ્વીનું વાતાવરણ ઘટ્ટ હોવાથી તે વાતાવરણથી ઘર્ષણ પામે છે અને ગરમ થાય છે ત્યારે તે પદાર્થ સળગી ઊઠે છે. એ જ આપણને તેજ લિસોટા સ્વરૂપે દેખાય છે, એને આપણે ઉલ્કા તરીકે ઓળખીએ છીએ.

મોટાભાગની ઉલ્કાઓ પૃથ્વી સપાટી સુધી પહોંચતી નથી અને વાતાવરણમાં જ બળીને રાખ થઈ જાય છે, વળી વસતીવાળા વિસ્તારોમાં પણ ઉલ્કા પડવાના કિસ્સાઓ નોંધાયા નથી આ કારણે નજીકના ભૂતકાળમાં ઉલ્કા પડવાના કારણે જાનહાનિ કે મોટું નુકસાન થયું હોવાનું નોંધાયું નથી.